Series : 2LKNM

SET ~ 4

Q.P. કોડ **09**

રોલ નં.

ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકાના મુખ્ય પૃષ્ઠ પર Q.P. કોડ નંબર અવશ્ય લખવાનો રહેશે.

**नोट/ NOTE :**

(I) પ્રશ્નપત્રમાં **11** પાના છે તે તપાસી લેવું.

Please check that this question paper contains **11** printed pages.

(II) આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો **Q.P.** કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.

Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.

(III) આ પ્રશ્નપત્રમાં **17** પ્રશ્નો છે તે તપાસી લેવું.

Please check that this question paper contains **17** questions.

(IV) **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં યથા સ્થાન પર પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**

**Please write down the Serial Number of the question in the answer-book at the given place before attempting it.**

(V) આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકેથી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period. {}

# ગુજરાતી

# GUJARATI

*સમય સીમા : **3** કલાક* | *કુલ અંક : **80***

*Time allowed : **3** hours* | *Maximum Marks : **80***

## General Instructions :

*(i)* *This Question paper is divided into **2** parts. It has total **17** questions.*

*(ii)* ***Part – A** contains question No. **1** to **8**.*

*(iii)* ***Part – B** contains question No. **9** to **17**.*

*(iv)* *Attempt questions as per specific Instructions.*

*(v)* *Please write question No. in the Answer Book before attempting it.*

## સામાન્ય સૂચનો :

*(i)* આ પ્રશ્નપત્ર બે ભાગમાં વિભાજિત છે અને આમાં કુલ **17** પ્રશ્નો છે.

*(ii)* વિભાગ – **A** માં **1** થી **8** પ્રશ્નો છે.

*(iii)* વિભાગ – **B** માં **9** થી **17** પ્રશ્નો છે.

*(iv)* પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.

*(v)* પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.

## વિભાગ – A

## PART – A
## (Advanced Reading Skill)

1. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : **5 × 1 = 5**

માનવીને જીવનમાં સફળતા અપાવનાર જો કોઈ ચાવી હોય તો તે શ્રમ છે. શ્રમની ચાવી વડે ખુલી ન શકે એવું તાળું ભાગ્યે જ જોવા મળશે. જીવનના દરેક ક્ષેત્રમાં શ્રમનું ઘણું મહત્ત્વ છે. શ્રમના બે પ્રકાર છે : શારીરિક અને માનસિક. મજૂર, કડિયા, સુથાર, લુહાર, ખેડૂત વગેરે શારીરિક શ્રમ કરે છે. વિદ્યાર્થીઓ, શિક્ષકો, દાક્તરો, વકીલો વગેરે માનસિક શ્રમ કરે છે. કેટલાક લોકો શ્રમ કર્યા વિના સિદ્ધિ મેળવવા ઈચ્છે છે. કેટલાક લોકો અમુક પ્રકારનું કામ મળે તો જ કામ કરે. તેથી તેઓ જીવનના મહામૂલાં વર્ષો બગાડે છે. વિદ્યાર્થીના જીવનનો યશ તેના શ્રમમાં રહેલો છે. કોઈપણ વ્યક્તિ શ્રમ વડે પોતાના જીવનને ઉન્નત બનાવી શકે છે. શ્રમ વિના સિદ્ધિ નથી. તો જ કુટુંબ સુખી થાય.

પ્રશ્નો :

I. શ્રમની ચાવી વડે શું ખુલી શકે?

(A) ભાગ્યનું તાળું　　(B) ભાગી ગયેલાનું તાળું

(C) ભાગ્યે જ તાળું　　(D) ચાવીનું તાળું

II. શ્રમના કયા-કયા પ્રકાર છે?

(A) શારીરિક અને માનસિક

(B) શારીરિક અને તામસિક

(C) શારીરિક અને રાજસિક

(D) શારીરિક અને દૈહિક

III. માનસિક શ્રમ કોણ કરે છે?

(A) મજૂરો અને વિદ્યાર્થીઓ　　(B) શિક્ષકો અને ખેડૂતો

(C) શિક્ષકો અને વિદ્યાર્થીઓ　　(D) વિદ્યાર્થીઓ અને નેતાઓ

IV. કેટલાક લોકો શું ઇચ્છે છે?

(A) શ્રમ વિના આદર　　(B) શ્રમ વિના સાહસ

(C) શ્રમ વિના રિદ્ધિ　　(D) શ્રમ વિના સિદ્ધિ

V. શ્રમ વડે શું થાય?

(A) જીવન પુરોગામી બને　　(B) જીવન નતમસ્તક બને

(C) જીવન ઊંડું બને　　(D) જીવન ઉન્નત બને

2. નીચેનો ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : $5 \times 1 = 5$

જેમ મીણ જેવી નરમ વસ્તુ ઉપર કોઈ પદાર્થ દાબ્યો હોય તો તે પદાર્થની છાપ તે નરમ વસ્તુમાં પડી જાય છે, પણ પાષાણ અથવા લોખંડ જેવી કઠિન વસ્તુ ઉપર કોઈ પદાર્થ દાબ્યો હોય તો તે પદાર્થની છાપ તે કઠિન વસ્તુ ઉપર પડતી નથી, તેમ જે મનુષ્યોનાં મન યોગસામર્થ્ય વિનાનાં દુર્બળ હોય છે તેમનાં મન ઉપર પ્રત્યેક પ્રસંગની છાપ પડી જાય છે. અને જેમનાં મન યોગસામર્થ્યથી સબળ થયાં હોય છે તેમનાં મન ઉપર, તેમની ઇચ્છા વિના કોઈપણ પ્રસંગ છાપ પાડી શકતો નથી. વ્યવહારમાં પણ આપણે જોઈએ છીએ કે જેમનાં મન કોઈ એકાદ વિષયમાં તલ્લીન એટલે એકાગ્ર થયાં હોય છે તેમના મન પર આજુબાજુ બનતા પ્રસંગોની લેશ પણ અસર થતી નથી.

પ્રશ્નો :

I. મીણ જેવી વસ્તુની શી વિશેષતા છે?

II. પદાર્થની છાપ શેના પર પડતી નથી?

III. કોના મન દુર્બળ હોય છે?

IV. મનને તલ્લીન રાખવાથી શું થાય?

V. ફકરાને યોગ્ય શીર્ષક આપો.

## (સાહિત્ય)

## (Literature)

3. પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. કૃષ્ણએ શું પહેર્યું છે?

(A) પીળું પીતાંબર (B) પીળું ધોતિયું

(C) પીળી પોતડી (D) લાલ પીતાંબર

II. 'જીવન અંજલિ થાજો' – કાવ્યનો પ્રકાર કયો?

(A) સૉનેટ (B) પ્રાર્થના કાવ્ય

(C) પદ (D) ગઝલ

III. વર્ષાના આગમનથી શું થયું?

(A) જીવ તાળવે ચોંટ્યો (B) જીવ લઈ લીધો

(C) જીવમાં જીવ આવ્યો (D) જીવમાં ગભરામણ થઈ

IV. મિત્રતાની વાત કયા કાવ્યમાં છે?

(A) હાથ મસળીએ (B) હાથ ધોઈએ

(C) હાથ કેળવીએ (D) હાથ મેળવીએ

V. ઉદ્યોગ-ધંધામાં જર્મની આગળ છે. – વાક્ય કયા પાઠમાં છે?

(A) શરણાઈના સૂર (B) પ્રાણનો મિત્ર

(C) ઝબકજ્યોત (D) સામગ્રી તો સમાજની છે ને !

VI. મહાબળેશ્વર જવા માટે સૌથી સારું ક્યુ?

(A) ટ્રાવેલ ટૂરમાં જવું (B) ટ્રાવેલ ટ્રેનમાં જવું

(C) ટ્રાવેલ બસમાં જવું (D) ટ્રાવેલ કારમાં જવું

4. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. 'તે બેસે અહીં' – કાવ્યના કવિ કોણ છે?

II. ગવરીની વિદાય વખતે રમઝુ મીરને કોનું સ્મરણ થાય છે?

III. દીપકના પિતાનું નામ શું હતું?

IV. કાન્તિ અને રમા ગામ છોડી ક્યાં ગયાં?

V. કડવા લીમડાની છાયા કેવી હોય છે?

VI. 'પ્રાણનો મિત્ર' વાર્તા આપણને શેની માવજત માટે જાગૃત કરે છે?

## (વ્યાકરણ)

## (Applied Grammar)

5. નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. આભા બની જવું

(A) ચકિત થઈ જવું (B) સટીક થઈ જવું

(C) ગાભા બની જવું (D) મોટાભા બની જવું

II. કાળજાને કોરી ખાવું

(A) કાળજાને કોરું કરવું (B) દુઃખની અનુભૂતિ થવી

(C) સુખની અનુભૂતિ થવી (D) કાળજાને કોતરી કાઢવું

III. આંખો મીંચી જવી

(A) આંખોમાં ઊંઘ આવવી (B) આંખો ચોળવી

(C) મૃત્યુ થવું (D) અપમૃત્યુ થવું

IV. પગ ભારે થઈ જવા

(A) પગમાં સોજો આવવો (B) ચંપલ ડંખવા

(C) સંકોચ ન થવો (D) સંકોચ થવો

V. ડાગળી ચસકી જવી

(A) પાગલ થઈ જવું (B) ખુશ થઈ જવું

(C) ઉત્સાહમાં આવવું (D) બરાડા પાડવા

6. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ પસંદ કરો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. ઘૂમરી લઈ વાતો ભારે પવન

(A) ચક્રવાત (B) ચક્રચગડોળ

(C) ચક્રવાર (D) ચક્રચીત

II. કન્યાવિદાય સમયનો મંગળદીવો

(A) રમણ દીવડો (B) રામણદીવડો

(C) ભમણ દીવડો (D) વિદાયદીવો

III. કાને પહેરવાનું એક ઘરેણું

(A) કમંડળ (B) કુંડળ

(C) કુંડીર (D) કુંટળ

IV. છોકરાંછૈયાંવાળું

(A) બચરવાળ (B) બચ્ચુંબાળ

(C) છોકરબાળ (D) છૈયાંબાળ

V. જે ડગે નહિ તેવું

(A) સડક (B) અટગ

(C) અડગ (D) નડગ

7. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. 'સ્નિગ્ધ'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) લસરતું, લીસું (B) લીસું, કોમળ

(C) લીસું, કઠોર (D) લીસું, દગ્ધ

II. 'ઢંઢોળવું'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) ઠંઠોળવું (B) જગાડવું

(C) ટંટોળવું (D) ભગાડવું

III. 'જીરવવું'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) ખીલવવું (B) ગમવું

(C) ખમવું (D) જીતાડવું

IV. નીચેનામાંથી વિરોધી શબ્દોનું જોડકું શોધો :

(A) કંજૂસ × ઉડાઉ (B) કંજૂસ × મખ્ખીચૂસ

(C) ઉદાર × ઉડાઉ (D) ઉદાર × સહનશીલ

V. કયુ જોડકું વિરોધી શબ્દ નથી?

(A) અંત × આરંભ (B) સ્મરણ × વિસ્મરણ

(C) આઘું × ઓરું (D) અંત × અંતિમ

8. સૂચના પ્રમાણે જવાબ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) અમે રમીએ છીએ.

(B) અમે રમીયે છીયે.

(C) અમે રમે છીએ.

(D) અમે રમીએ છે.

II. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) તેએ પ્રથમ ઈનામ મળ્યું.

(B) તુંએ પ્રથમ ઉનામ મળ્યું.

(C) તેણે પ્રથમ ઈનામ મળીયું.

(D) તેને પ્રથમ ઈનામ મળ્યું.

III. અનુગ ઓળખો : 'જટાયુ'ના કવિ સિતાંશુ યશશ્ચંદ્ર છે.

(A) છે (B) ના

(C) કવિ (D) સિતાંશુ

IV. સુધાંશુ શુક્લા દ્વારા અવકાશયાત્રા કરાઈ : આ વાક્યમાં નામયોગી ઓળખો.

(A) સુધાંશુ (B) શુક્લા

(C) દ્વારા (D) કરાઈ

V. ગુકેશ વડે ચેસની રમત જીતાઈ : આ વાક્યમાં નામયોગી ઓળખો.

(A) વડે (B) ગુકેશ

(C) ની (D) રમત

## વિભાગ – B
## (સાહિત્ય)
## PART – B
## (Literature)

9. નીચેનું કાવ્ય વાંચી, પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **પાંચ**) **5 × 1 = 5**

સતની કાંટાળી કેડી પર પુષ્પ બની પથરાજો
ઝેર જગતનાં જીરવી જીરવી અમૃત ઉરનાં પાજો!
મારું જીવન અંજલિ થાજો!
વણથાક્યા ચરણો મારા નિત તારી સમીપે ધાજો;
હૈયાના પ્રત્યેક સ્પંદને તારું નામ રટાજો!
મારું જીવન અંજલિ થાજો!
વમળોની વચ્ચે નૈયા મુજ હાલકડોલક થાજો;
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો!
મારું જીવન અંજલિ થાજો!

**પ્રશ્નો :**

I. સતની કેડી કેવી છે?

II. જગતનાં ઝેર જીરવી શું પાવું જોઈએ?

III. વણથાક્યા ચરણો ક્યાં ધાશે?

IV. હૈયાના પ્રત્યેક સ્પંદને શું થશે?

V. વમળોની વચ્ચે શું થશે?

VI. કયો દીપક ઓલવાશે નહિ?

10. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ બે) **2 × 2 = 4**

I. સૃષ્ટિમાં નવજીવન ક્યારે અને કેવી રીતે આવે છે? – પાઠ્યપુસ્તકની કવિતાને આધારે સમજાવો.

II. ‘મોરલી’ કાવ્ય તમને ગમે છે? શા માટે?

III. ‘અમને નાખો જિંદગીની આગમાં’ – મુક્તક સમજાવો.

IV. ‘જે જન પામે પૂર્ણતા’ દુહો સમજાવો.

11. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **એક**) **1 × 3 = 3**

I. માણસની સભાપાત્રતાની યોગ્યતા ગઝલને આધારે સમજાવો.

II. હાઈકુ પ્રકાર વિશે બે લીટી લખો અને 'લીલ ઓઢીને ......' હાઈકુ સમજાવો.

III. 'હાથ મેળવીએ'માં હાથ હૃદયભાવનું પ્રતીક બન્યો છે. ચર્ચા કરો.

12. ફકરો વાંચી પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ છ) **6 × 1 = 6**

આપણો દેશ પરાધીનતાની બેડીઓમાં ઝકડાયેલો હતો, ત્યારે દેશની સ્વાધીનતા અને ભારતીય પ્રજાના આત્મસન્માનને માટે વીરચંદ રાઘવજી ગાંધીએ દેશ-વિદેશમાં મહત્ત્વનું કાર્ય કર્યું હતું. તેમણે અમેરિકા અને ઈંગ્લેન્ડ જેવા દેશોમાં પોતાના ત્રણ વિદેશ પ્રવાસમાં તેમણે ભારત અને ભારતીય ધર્મો વિશે પ્રવચનો આપ્યાં. એ સમયે ભારત એટલે વાઘ, સાપ અને રાજાઓનો દેશ એવી ભ્રામક માન્યતા હતી. તે તેમણે દૂર કરી. ભારતીય ધર્મો ક્રિયાકાંડોના ધર્મ છે એવો ખોટો પ્રચાર કરવામાં આવતો. ભારતના પ્રાચીન ગ્રંથો અને વૈચારિક સમૃદ્ધિની હાંસી ઉડાવવામાં આવતી હતી. તેમણે પ્રવચનો આપી સાચી સમજ ફેલાવી.

પ્રશ્નો :

I. વીરચંદ ગાંધીના સમયે આપણા દેશની દશા કેવી હતી?

II. તેમણે શા માટે વિદેશમાં મહત્ત્વનું કાર્ય કર્યું?

III. તેમણે કયા-કયા દેશોમાં પ્રવચનો આપ્યા?

IV. તેમના પ્રવચનોનો વિષય કયો હતો?

V. ભારત વિશે કઈ ભ્રામક માન્યતા હતી?

VI. કયા પ્રકારનો ખોટો પ્રચાર કરવામાં આવતો?

VII. તે સમયે કઈ બાબતની હાંસી ઉડાવવામાં આવતી હતી?

13. નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ ત્રણ) **3 × 2 = 6**

I. વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું?

II. બલાઈને પ્રકૃતિ સાથે કેવી લાગણી હતી?

III. 'ટિફિન' પાઠમાં તમને કયુ પાત્ર ગમ્યું? અમથીમા કે લેખક? શા માટે?

IV. જેઠીબાઈ અને પોર્ટુગલની રાણી – પ્રસંગની ચર્ચા કરો.

V. કાન્તિનો માતા સાથેનો સંબંધ વર્ણવો.

VI. તાજમહેલ વિશે સર્વજ્ઞાભાઈ શું કહે છે? તમે શું માનો છો? ચર્ચા કરો.

14. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ બે) **2 × 3 = 6**

I. રમઝુ મીર અને ગામલોકો – બંનેનો સંબંધ પરસ્પર કેવો હતો? ચર્ચા કરો.

II. જેઠીબાઈ કુશળ વહીવટકર્તા અને નીડર નેતા હતા. – આ વિધાન સમજાવો.

III. દીપક દેશભક્ત હતો કે પિતૃભક્ત? કઈ રીતે?

IV. જર્મનીમાં લેખકને થયેલા અનુભવોએ તેમને કઈ રીતે વિચારતા કર્યા?

**(પ્રભાવક લેખન કૌશલ્ય)**

**(Effective Writing Skill)**

15. નીચે આપેલા વિષય પર કોઈ **એક** વિષય પર આશરે **120** શબ્દોમાં ફકરો લખો : **1 × 5 = 5**

I. **એક સૈનિકની આત્મકથા**

**મુદ્દા :** જન્મ – કુટુંબ – ઈચ્છા – તાલીમ – અંગત અનુભવો – વિશિષ્ટ અનુભવ – હાલની સ્થિતિ – ઉપસંહાર

II. **પ્રદૂષણ – એક ગંભીર સમસ્યા**

**મુદ્દા :** કારણો – ક્યાં થાય તે સ્થળો – લોકોની માનસિકતા – ફરજો – ઉપાયો – નવી ટેકનોલોજી – ઉપસંહાર

16. નીચે આપેલા મુદ્દાને આધારે બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો : **1 × 6 = 6**

**મુદ્દા :** એક નદી – સાંકડો પુલ – બે બકરીઓ સામસામે આવે – બંને સમજદાર – એક બેસે, બીજી પસાર થાય – એ જ પુલ – બે કૂતરાં આવે – ઝઘડે – નદીમાં પડે – બોધ.

17. આપ અબક, 'આરોહણ', પ્રગતિ સોસાયટીમાં રહો છો. તમારા વિસ્તારમાં ચોમાસામાં પાણી ભરાવાને કારણે મચ્છર ખૂબ વધી ગયા છે. તેની ફરિયાદ કરતો પત્ર યોગ્ય અધિકારીને લખો. **1 × 5 = 5**

**અથવા**

'જેણે વાંચ્યું પુસ્તક, ઊંચું તેનું મસ્તક' – પુસ્તક વાંચવાથી થતા લાભ વિશે સચિત્ર જાહેરાત તૈયાર કરો.

---